**મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત સરકારી સમરસ કુમાર/કન્યા છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા બાબત**

કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક પછાત વર્ગના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને વર્ષ ૨૦૧૭-૧૮નાં શૈક્ષણિક વર્ષ માટે નીચે જણાવેલ ૬ (છ) સ્થળોનાં સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉક્ત જાતિના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ પાસેથી **Date : 30.06.2017** સુધીમાં નિયત નમુનામાં ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

**સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને રહેવા-જમવાની વિના મૂલ્યે સગવડતા આપવામાં આવશે.**

૧. સરકારશ્રીએ નિયત કર્યા મુજબ સ્નાતક કક્ષાના/અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો તથા સ્પીપામાં UPSCની પરીક્ષાની તાલીમ અભ્યાસક્રમો માટે ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ અરજી કરવાની રહેશે તેમજ મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૨. વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા વાર્ષિક રૂ. ૬.૦૦ લાખ રહેશે. વિદ્યાર્થીનીઓ માટે આવકમર્યાદા નથી.

૩. પ્રવેશ અંગેના ફોર્મ **.www.digitalgujarat.gov.in** વેબ સાઇટ ઉપરથી ઓન લાઇન ભરવાના રહેશે .ત્યારબાદ સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે **ઓન લાઇન કરેલ અરજીની (પ્રીન્ટ) હાર્ડ કોપી** જરૂરી સ્વપ્રમાણિત પ્રમાણપત્રોની નકલ સાથે સંબંધિત છાત્રાલયને મોકલી આપવાના રહેશે. મળેલ ફોર્મની ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ગુણાનુક્રમ (મેરીટ)ના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૪. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગને જાતિવાર પ્રવેશ માટે નક્કી થયેલ ટકાવારી મુજબ પ્રવેશ આપવામાં આવશે. વધુમાં જાતિવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અનામત જગ્યાઓ પૈકી ૩% વિકલાંગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે અને ૧% અનાથ વિદ્યાર્થીઓ માટે અનામત આપવાની રહેશે. તેઓ માટેની અરજી કરવા માટેની લધુતમ લાયકાત ઉપર મુજબની રહેશે.

૫. છાત્રાલય જે સ્થળે આવેલ હોય તે શહેરના સ્થાનિક વિદ્યાર્થીઓ અરજી કરી શકશે નહિ. પરંતુ જેઓ સ્લમ, કાચા મકાન, ઝુંપડીપટ્ટી તંબુ વસાહત, ગંદા વિસ્તારમાં રહેતા હોય તેવા ગરીબ સ્થાનિક વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકશે.

૬. ઓનલાઇન અરજી ફોર્મ ભરવામાં કોઇ મુશ્કેલી હોય તો ટોલ ફ્રી નં.- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સવારના ૮.૦૦ કલાકથી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી સેવા ચાલુ રહેશે.

૭. વિગતવાર જાહેરાત અને પ્રવેશ ફોર્મનો નમુનો ,માર્ગદર્શક સુચનાઓ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરની વેબ સાઇટ **https://sje.gujarat.gov.in/dscw, પરથી પણ જોઇ શકાશે.**

નોંધ: ઉક્ત તમામ શરતો સમજ માટે દર્શાવેલ છે આખરી નિર્ણય સરકારશ્રીના ઠરાવના ધારાધોરણને આધિન રહેશે.

<u>**સમરસ સરકારી છાત્રાલયો (કુમાર / કન્યા)ના નામ / સરનામા / ક્ષમતા**</u>

| | | |
|---|---|---|
| ૧. અમદાવાદ | : | ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ સામે, અમદાવાદ<br>(કુમાર ૧૦૦૦ / કન્યા- ૧૦૦૦) |
| ૨. રાજકોટ | : | સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કેમ્પસ, કાલાવાડ રોડ, રાજકોટ<br>( કુમાર -૧૦૦૦ / કન્યા -૧૦૦૦) |
| ૩. ભાવનગર | : | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી કેમ્પસ, ભાવનગર<br>(કુમાર-૧૦૦૦/ કન્યા ૧૦૦૦) |
| ૪. વડોદરા | : | કન્યા છાત્રાલય એમ. એસ. યુનિવર્સીટી કેમ્પસ, વડોદરા<br>કુમાર છાત્રાલય, ન્યુ સમા રોડ, વડોદરા.<br>(કુમાર- ૧૦૦૦ / કન્યા- ૧૦૦૦) |
| ૫. સુરત | : | વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, સુરત<br>(કુમાર -૧૦૦૦ / કન્યા - ૧૦૦૦) |
| ૬. આણંદ | : | સરદાર પટેલ યુનિવર્સીટી કેમ્પસ, આણંદ<br>( કુમાર - ૨૫૦ / કન્યા - ૨૫૦) |

(કે.ડી.કાપડીયા IAS)
મુખ્ય કારોબારી અધિકારી,
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સરકારી સમરસ કુમાર/કન્યા છાત્રાલયોમાં પ્રવેશ અંગેના ફોર્મ www.digitalgujarat.gov.in વેબ સાઇટ ઉપરથી ઓન લાઇન ભરવા બાબતની માર્ગદર્શક માહિતિ :

---

- સૌ પ્રથમ GSWAN કનેકટ કરી www.digitalgujarat.gov.in વેબ સાઇટ ઓપન કરવી.
- હવે ઉપરની બાજુમાં Login (લોગીન) બટન પર કલીક કરવું.
- Request New Service પર ક્લીક કરવું. જેમાં ખાનામાં (Samaras) સમરસ લખી Go પર ક્લીક કરવું.
- ત્યારબાદ પ્રથમ વખત પ્રવેશ મેળવનાર વિધાર્થી / વિધાર્થીનીએ Apply Admission in Samaras Hostel માં કલીક કરવું અને હાલમાં જે વિધાર્થી/ વિધાર્થીનીઓ સમરસ છાત્રાલય ખાતે રહેશે અને બીજા વર્ષમાં પ્રવેશ લેવાની પાત્રતા ધરાવતા હોય (એટલે કે ૫૦ % કરતાં વધુ માર્ક્સ આવેલ હોય અને ગત વર્ષમાં તેમની વર્તૂણૂંક સારી હોય તેવા) Renew Admission માં ક્લીક કરવાનું રહેશે.
- ત્યારબાદ Continue Click કરવું અને ફરીથી નવું પેજ ખુલશે તેના પર પણ Continue Click કરવું જેમાં આપનો રજીસ્ટ્રેશન નંબર આવશે તે લખી લેવો.
- ત્યારબાદ પ્રવેશ માટેનું ફોર્મ ખુલશે જેમાં માગેલ માહિતિ દરેક કોલમમાં ભરવાની રહેશે. ફોર્મ ભર્યા બાદ ફોર્મના અંતે Save બટન પર ક્લીક કરવું.
- ત્યારબાદ ફોર્મ સાથેના જોડાણ ( Attachment) માં વિધાર્થી / વિધાર્થીનીએ સહી અને ફોટો જોડાણ (લોડ) કરવાનો રહેશે.
- ત્યારબાદ વર્તૂણૂંક અને બે સ્થાનિક સગાના મોબાઇલ નંબર અને ફોટો જોડાણ (લોડ) કરવાના રહેશે.
- ત્યારબાદ નીચે વાક્ય માં I accept .... આગળ Yes ની નિશાની ક્લીક કરવી.
- છેલ્લે Submit પર ક્લીક કરવું જેથી આપનું ફોર્મ Success Accepted આવશે અને ત્યારબાદ Print પર ક્લીક કરી ભરાયેલ ફોર્મનું રજીસ્ટર નંબર સાથે પ્રીંન્ટ આવશે જે તમારે જે હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ફોર્મ ભર્યુ હોય તે હોસ્ટેલમાં જરૂરી પ્રમાણપત્રો સાથે રજુ કરવાનું રહેશે.

# મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત સરકારી સમરસ કુમાર/કન્યા છાત્રાલયોમાં જુના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવાની જાહેરાત

કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક પછાત વર્ગના અગાઉના વર્ષમાં સમરસ છાત્રાલયમાં પ્રવેશ આપેલ હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને વર્ષ ૨૦૧૭-૧૮નાં શૈક્ષણિક વર્ષ માટે સમરસ છાત્રાલયોમાં જુના વિધાર્થીઓ પૈકિ જે વિધાર્થીઓ બીજા વર્ષે છાત્રાલયમાં ચાલુ રહેવા માગતા હોય અને જે વિધાર્થીઓએ ગત વાર્ષિક પરીક્ષામાં સ્નાતક અથવા અનુસ્નાતક લેવલના અભ્યાસક્રમમાં ૫૦% કે તેથી વધુ ગુણ યુનિવર્સીટી પરીક્ષામાં મેળવ્યા હોય અથવા જ્યાં ટકાવારીને બદલે ગ્રેડેશન આપવામાં આવતા હોય ત્યાં ૫૦% કે તેથી વધુના સમકક્ષ આવતા ગ્રેડેશનથી ઉતિર્ણ (પાસ) થયેલ હોય અને જેઓની સંબંધિત છાત્રાલયમાં નિવાસ દરમ્યાનની વર્તણૂંક સારી હોય તથા જેઓનો અભ્યાસ શરૂ થઇ ગયેલ હોય તથા તે અભ્યાસક્રમમાં તેઓશ્રી પ્રવેશ મેળવી લીધેલ હોય તેવા તે જ સમરસ છાત્રાલયમાં અગાઉના વર્ષમાં અભ્યાસ કરી ગયેલ હોય તથા તે જ અભ્યાસક્રમના તે પછીના વર્ષ / સેમેસ્ટરમાં સંબંધિત કોલેજ – યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવેલ હોય તો તેવા જુના વિધાર્થીઓને સંબંધિત સમરસ છાત્રાલયમાં પ્રવેશ આપવા અંગેની નિયમોનુસારની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. તો સંબંધિત સમરસ છાત્રાલય ખાતેથી અથવા પ્રવેશ ફોર્મનો નમુનો ,માર્ગદર્શક સુચનાઓ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગરની વેબ સાઇટ **https://sje.gujarat.gov.in/dscw, પરથી પણ** જોઇ શકાશે. પ્રવેશ ફોર્મ છાત્રાલય ખાતે જમા કરાવ્યા બાદ તમામ પ્રકારના પ્રમાણપત્રો/ડોક્યુમેન્ટસની ચકાસણી કરી સંબંધિત સમરસ છાત્રાલયની પ્રવેશ કમિટી દ્વારા પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નોંધ: ઉક્ત તમામ શરતો સમજ માટે દર્શાવેલ છે આખરી નિર્ણય સરકારશ્રીના ઠરાવના ધારાધોરણને આધિન રહેશે.

(કે.ડી.કાપડીયાIAS)
મુખ્ય કારોબારી અધિકારી,
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત સરકારી સમરસ કુમાર/કન્યા છાત્રાલયોમાં

## નવા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવા બાબત

કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ / અનુસૂચિત જન જાતિના તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક પછાત વર્ગના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને વર્ષ ૨૦૧૭-૧૮નાં શૈક્ષણિક વર્ષ માટે નીચે જણાવેલ ૬-(છ) સ્થળોનાં સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉક્ત જાતિના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ પાસેથી **Date : 15.07.2017** સુધીમાં નિયત નમુનામાં ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

**સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને રહેવા-જમવાની વિના મૂલ્યે સગવડતા આપવામાં આવશે.**

૧. સરકારશ્રીએ નિયત કર્યા મુજબ સ્નાતક કક્ષાના/અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો તથા સ્પીપામાં UPSCની પરીક્ષાની તાલીમ અભ્યાસક્રમો માટે ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓએ અરજી કરવાની રહેશે તેમજ છાત્રાલય ખાતે ખાલી રહેલ જગ્યાઓને ધ્યાને લઇ મેરીટના ધોરણે સંબંધિત સમરસ છાત્રાલયની પ્રવેશ કમિટી દ્વારા પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨. વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા વાર્ષિક રૂ. ૬.૦૦ લાખ રહેશે. વિદ્યાર્થીનીઓ માટે આવકમર્યાદા નથી.

૩. પ્રવેશ અંગેના ફોર્મ **.www.digitalgujarat.gov.in** વેબ સાઇટ ઉપરથી ઓન લાઇન ભરવાના રહેશે .ત્યારબાદ સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે **ઓન લાઇન કરેલ અરજીની (પ્રીન્ટ) હાર્ડ કોપી** સાથે જરુરી સ્વપ્રમાણિત પ્રમાણપત્રોની નકલ સંબંધિત છાત્રાલયને મોકલી આપવાની રહેશે. મળેલ ફોર્મની ચકાસણી કર્યા બાદ પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ગુણાનુક્રમ (મેરીટ)ના ધોરણે ખાલી રહેલ જગ્યાઓ મુજબ પ્રવેશ કમિટી દ્વારા પ્રવેશ આપવામાં આવશે.

૪. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગને જાતિવાર પ્રવેશ માટે નક્કી થયેલ ટકાવારી મુજબ પ્રવેશ આપવામાં આવશે. વધુમાં જાતિવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અનામત જગ્યાઓ પૈકી ૩% વિકલાંગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે અને ૧% અનાથ વિદ્યાર્થીઓ માટે અનામત આપવાની રહેશે. તેઓ માટેની અરજી કરવા માટેની લઘુતમ લાયકાત ઉપર મુજબની રહેશે.

૫. છાત્રાલય જે સ્થળે આવેલ હોય તે શહેરના સ્થાનિક વિદ્યાર્થીઓ અરજી કરી શકશે નહિ. પરંતુ જેઓ સ્લમ, કાચા મકાન, ઝુંપડીપટ્ટી તંબુ વસાહત, ગંદા વિસ્તારમાં રહેતા હોય તેવા ગરીબ સ્થાનિક વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે અરજી કરી શકશે.

૬. ઓનલાઇન અરજી ફોર્મ ભરવામાં કોઇ મુશ્કેલી હોય તો ટોલ ફ્રી નં.- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સવારના ૮.૦૦ કલાકથી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી સેવા ચાલુ રહેશે.

નોંધ: ઉક્ત તમામ શરતો સમજ માટે દર્શાવેલ છે આખરી નિર્ણય સરકારશ્રીના ઠરાવના ધારાધોરણને આધિન રહેશે.

<u>સમરસ સરકારી છાત્રાલયો (કુમાર / કન્યા)ના નામ / સરનામા</u>

૧. અમદાવાદ : ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ સામે, અમદાવાદ

૨. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કેમ્પસ, કાલાવાડ રોડ, રાજકોટ

૩. ભાવનગર : મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી કેમ્પસ, ભાવનગર

૪. વડોદરા : કુમાર છાત્રાલય – ન્યુ સમા રોડ, વડોદરા અને કન્યા છાત્રાલય એમ. એસ. યુનિવર્સીટી કેમ્પસ, વડોદરા

૫. સુરત : વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, સુરત

૬. આણંદ : સરદાર પટેલ યુનિવર્સીટી કેમ્પસ, આણંદ

(કે.ડી.કાપડીયા IAS)
મુખ્ય કારોબારી અધિકારી,
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## સમરસ સરકારી છાત્રાલયો (કુમાર / કન્યા)ના નામ / સરનામા / ક્ષમતા

| | | |
|---|---|---|
| ૧. અમદાવાદ | : | ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ સામે, અમદાવાદ<br>(કુમાર ૧૦૦૦ / કન્યા- ૧૦૦૦) |
| ૨. રાજકોટ | : | સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કેમ્પસ, કાલાવાડ રોડ, રાજકોટ<br>( કુમાર -૧૦૦૦ / કન્યા -૧૦૦૦) |
| ૩. ભાવનગર | : | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી કેમ્પસ, ભાવનગર<br>(કુમાર-૧૦૦૦/ કન્યા ૧૦૦૦) |
| ૪. વડોદરા | : | કન્યા છાત્રાલય એમ. એસ. યુનિવર્સીટી કેમ્પસ, વડોદરા<br>કુમાર છાત્રાલય, ન્યુ સમા રોડ, વડોદરા.<br>(કુમાર- ૧૦૦૦ / કન્યા- ૧૦૦૦) |
| ૫. સુરત | : | વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ, સુરત<br>(કુમાર -૧૦૦૦ / કન્યા - ૧૦૦૦) |
| ૬. આણંદ | : | સરદાર પટેલ યુનિવર્સીટી કેમ્પસ, આણંદ<br>( કુમાર - ૨૫૦ / કન્યા - ૨૫૦) |

(કે.ડી.કાપડીયાIAS)
મુખ્ય કારોબારી અધિકારી,
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર